જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૧/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૫૯/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૭૫ | ૪ | ૧૦૮૭૯ | ૧૭૦૧૩ | ૦ | ૧૭૦૧૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૪૮ | ૭ | ૪૪૫૫ | ૫૯૬૮ | ૭ | ૫૯૭૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૪૯૯ | ૧૪૪ | ૧૬૬૪૩ | ૧૭૪૦૭ | ૧૬૦ | ૧૭૫૬૭ |
| કુલ | | ૩૧૮૭૭ | ૧૫૫ | ૩૨૦૩૨ | ૪૦૬૨૨ | ૧૬૭ | ૪૦૭૮૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૩ | ૯,૫૧,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૮૩ | ૧૨,૮૩,000/- |

# <u>થેલેસેમિયા રોગથી પીડાતા બાળકો માટે બ્લડ ડોનેટ</u>

## <u>બાપુનગર પોલીસ સ્ટેશન</u>

મેં.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સૂચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓના માર્ગદર્શન તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન.૫ શ્રી અચલ ત્યાગી સાહેબ નાઓના અધ્યક્ષસ્થાને તથા મ.પો.કમિશ્નરશ્રી "એચ ડીવિઝન" શ્રી પી.એમ.પ્રજાપતિ સાહેબ નાઓના સુપરવિઝન હેઠળ થેલેસેમિયા રોગથી પીડાતા બાળકો માટે બ્લડ ડોનેટ કરવાનું આજરોજ તા.૨૯/૧૧/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે રેડક્રોસ સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવેલ જેમાં ના.પો.કમિ.શ્રી ઝોન.૫ શ્રી અચલ ત્યાગી સાહેબ તથા મ.પો.કમિ. શ્રી "એચ ડીવિઝન" શ્રી પી.એમ.પ્રજાપતિ સાહેબ નાઓએ બ્લડ ડોનેટ ની પહેલ કરી તથા બાપુનગર પોલીસ સ્ટેશનના પોલીસ તથા હોમગાર્ડઝના માણસો મળી કુલ-૬૭ વ્યક્તિઓએ થેલેસેમિયા રોગથી પીડાતા બાળકો માટે બ્લડ ડોનેટ કરી અમૂલ્ય યોગદાન આપી પ્રસંશનિય કામગીરી કરેલ છે.









# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૧)


## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન તેમજ સુચના મુજબ નં.(૧).કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૭૧/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૨).કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૦૭,૩૨૪, ૩૨૩,૧૪૩,૧૪૭,૧૪૯,૫૦૬(૨) જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ચોરી તથા શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૨૨૬/૨૦૨૦ તા.૨૮/૧૧/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૮/૧૧/૨૦૨૦ ના કલાકઃ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૮/૧૧/૨૦૨૦

**આરોપીનું નામ :-** શ્રી પ્રકાશભાઇ ઉર્ફે પુનીત દીલીપભાઇ લાલવાણી ઉ.વ.૨૫ રહે.બી/૪૩ નોબલનગર ઘનશ્યામનગરની બાજુમાં નોબલ પો.ચોકીની પાછળ સરદારનગર અ'વાદ તથા ઠાકોરવાસ છાયા પાર્ક સ્કુલની બાજુમાં નાના ચિલોડા ગામ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન (૨)

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન તેમજ સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પોસ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૧૨૦૨૩૭૯/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ (૨).કૃષ્ણનગર પો સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૧૨૦૨૩૯૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના વાહન ચોરીઓ તથા મોબાઇલ ચોરીઓ સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૨૨૫/૨૦૨૦ તા.૨૮/૧૧/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૮/૧૧/૨૦૨૦ ના કલાકઃ૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૮/૧૧/૨૦૨૦

**આરોપીનું નામ :-** શ્રી મયુર જગદિશભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૯ રહેવાસી.મ.નં.૮૬ ચંન્દ્રલોક સોસાયટી, ગોપાલ ચોકની બાજુમાં નવા નરોડા અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૩ લીટર દેશી દારૂ, ૧૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫૪૪/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૨/૨૦૨૦**

**સાયબર ક્રાઈમઃ** સુરેશભાઈ પરસોતમભાઈ પટેલ (ઉ.વ.૪૩) (રહે.નારાયણ એવન્યુ નારાયણી બંગ્લાની સામે ભાટ ગાંધીનગર) એ તા.૨૮/૧૧/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૧૯ થી તા.૨૨/૧૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હર્ષગીરી દિલીપભાઇ ગોસ્વામી (રહે. પર્ણકુંજ સોસાયટી વિભાગ-૧ પુજા હોસ્પિટલની બાજુમાં મેઘાણીનગર) (૨) ધાર્મિક અશોકભાઇ પટેલ (રહે. નિકોલ) તેમજ બેંક ઓફ બરોડા ખાતા નંબર ૫૨૦૬૦૧૦૦૦૦૫૧૭૯ ના ધારક (૨) વરાછા બેંક એકાઉન્ટ નંબર ૧૦૦૧૦૦૧૧૬૯૬૬ ના ધારક અને (૩) કોટક મહિન્દ્રા બેંક ૩૩૪૫૭૮૩૫૫૩ ના ધારકે ભેગા મળી સુરેશભાઈ પટેલના મોબાઇલ ફોનમાંથી કોઇ પણ રીતે ઓટીપી નંબર મેળવી સુરેશભાઈ પટેલના બેંક એકાઉન્ટમાંથી અલગ-અલગ કુલ-૨૫૧ ટ્રાન્જેકશનો દ્વારા કુલ રૂપિયા ૪૦,૮૩,૮૬૬/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.યુ.પરેવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૩/૨૦૨૦**

**વાડજઃ** રાહુલ તારાચંદ મનારામ માલવીયા (રહે. નિગમ સોસાયટી ચંપકનગર ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૨૮/૧૧/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી બેગની ચોરી કરી લઈ ગઈ છે. બેગમાં લેપટોપ કિમત રૂપિયા આશરે ૫,૦૦૦/- , સોના અને ડાયમંડની જવેલરી આશરે કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૦,૯૫,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી. આર.એચ.સોલંકી ચલાવે છે.

ઉપરોક્ત ગુનામાં શકદાર આરોપી તરીકે પ્રકાશ પટેલ (પાટીદાર) (રહે. ડુંગરપુર રાજસ્થાન) ને દર્શાવેલ છે.

**નિકોલઃ** સંદીપસિંગ નરેસસિંગ રાઠોડ (રહે. બ્લોક નંબર જી-૫૦૪ દેવકૃપા વિભાગ-૪ અમર જવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૨૮/૧૧/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૦ સવારના ૮/૩૦ થી તા.૨૭/૧૧/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના બાથરુમની બારીના કાચ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૪/૨૦૨૦**

**વાસણાઃ** અરૂણાબહેન વા/ઓ પ્રફુલભાઇ મહેતા (ઉ.વ.૮૧) (રહે. સુસ્મીતા ફ્લેટ મહેતા ચવાણાની બાજુમાં વાસણા) એ તા.૨૮/૧૧/૨૦૨૦ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે મનીષ આંખની હોસ્પીટલથી પોતાના રહેણાંક સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ અરૂણાબહેનની નજર ચુકવી અરૂણાબહેને પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૫/૨૦૨૦**

**કારંજઃ** નુરબાબુ નાજીમ શેખ (રહે.બીજો માળ મીમ સ્ટ્રેટ અકબરી હોટલ સામે મુરઘી ગલી ખાસ બજાર કારંજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં કમ્બંલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી